# શ્રી સાવિત્રીબાઈ નવોદય કોચિંગ સેન્ટર-થરાદ



## પ્રશ્નપત્ર-1




સમય : 2:00 કલાક | જવાહર નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષા | કુલગુણ : 100





**વિભાગ-1 : માનસિક યોગ્યતા પરીક્ષા (પ્રશ્ન 1 થી 50)**



**વિભાગ-I**




➜ નિર્દેશ : પ્રશ્નક્રમાંક 1 થી 5 માં દરેક પ્રશ્નમાં ચાર આકૃતિઓ (1), (2), (3) અને (4) આપેલી છે. આ ચાર આકૃતિઓમાં ત્રણ આકૃતિઓ અમુક રીતે સમાન છે અને એક આકૃતિ અસમાન છે. અસમાન આકૃતિ પસંદ કરી તમારો ઉત્તર અંગ્રેજી અંક (ઉદા. 1, 2, 3, 4)માં ઉત્તરપોથીમાં આપેલ બોક્સમાં અંગ્રેજીમાં લખો.

(1) (1)  (2)  (3)  (4) 

(2) (1)  (2)  (3)  (4) 

(3) (1)  (2)  (3)  (4) 

(4) (1)  (2)  (3)  (4) 

(5) (1)  (2)  (3)  (4) 

**વિભાગ-II**

➜ નિર્દેશ : પ્રશ્નક્રમાંક 6 થી 10 માં એક કોયડા (સમસ્યાત્મક) આકૃતિ ડાબી બાજુએ અને ચાર ઉત્તર બતાવતી આકૃતિઓ (1), (2), (3) અને (4) આકારમાં જમણી બાજુએ આપેલ છે. ઉત્તર બતાવતી આકૃતિ પસંદ કરો કે, જે બિલકુલ કોયડા આકૃતિની બરાબર છે અને તમારા ઉત્તરનો ક્રમાંક અંગ્રેજી અંક (ઉદા. 1, 2, 3, 4)માં ઉત્તરપોથીમાં આપેલ બોક્સમાં અંગ્રેજીમાં લખો.

(6) કોયડા (સમસ્યા) આકૃતિ








(1)  (2)  (3)  (4) 

2

Scanned by CamScanner



(7) કોયડા (સમસ્યા) આકૃતિ



(1)  (2)  (3)  (4) 

(8) કોયડા (સમસ્યા) આકૃતિ




(1)  (2)  (3)  (4) 





(9) કોયડા (સમસ્યા) આકૃતિ



(1)  (2)  (3)  (4) 

(10) કોયડા (સમસ્યા) આકૃતિ







(1)  (2)  (3)  (4) 

## વિભાગ-III


➡ નિર્દેશ : પ્રશ્નનંબર 11 થી 15 માં ડાબી બાજુએ એક કોયડા આકૃતિ આપેલ છે. જેમાંનો એક ભાગ અધૂરો છે. જમણી બાજુએ ઉત્તર આપતી આકૃતિ (1), (2), (3) અને (4) નું અવલોકન કરી ઉત્તર બતાવતી આકૃતિ શોધો કે, જેની દિશા બદલ્યા વિના કોયડા આકૃતિના અધૂરા ભાગમાં બંધબેસતી આકૃતિ પૂરી થાય. તમારો પસંદ કરેલ ઉત્તર આકૃતિનો ક્રમાંક આપેલ ઉત્તરપોથીમાં તમારા ઉત્તરનો અંગ્રેજી અંક (ઉદા. 1, 2, 3, 4)માં ઉત્તરપોથીમાં આપેલ બોક્સમાં અંગ્રેજીમાં લખો.



(11) કોયડા (સમસ્યા) આકૃતિ





(1)  (2)  (3)  (4) 

(12) કોયડા (સમસ્યા) આકૃતિ




(1)  (2)  (3)  (4) 


(13) કોયડા (સમસ્યા) આકૃતિ





(1)  (2)  (3)  (4) 

Scanned by CamScanner

(14) કોયડા (સમસ્યા) આકૃતિ





(15) કોયડા (સમસ્યા) આકૃતિ





## વિભાગ-IV

નિર્દેશ : પ્રશ્નનંબર 16 થી 20માં ડાબી બાજુએ ત્રણ કોયડા આકૃતિ આપેલી છે અને ચોથી આકૃતિ માટે જગ્યા ખાલી રાખી છે. બધી આકૃતિઓ શ્રેણીમાં છે. જમણી બાજુએ આપેલી ઉત્તર આપતી આકૃતિઓ (1), (2), (3) અને (4) માંથી એક આકૃતિ શોધો કે જે ડાબી બાજુએ રાખેલી ચોથી આકૃતિ માટેની ખાલી જગ્યામાં સમાઈ જાય અને શ્રેણી પૂરી થાય. તમારા પસંદ કરેલા ઉત્તર આકૃતિનો ક્રમાંક આપેલ ઉત્તરપોથીમાં આપેલ બોક્સમાં અંગ્રેજી અંકમાં લખો.


(16) કોયડા (સમસ્યા) આકૃતિઓ





(17) કોયડા (સમસ્યા) આકૃતિઓ





(18) કોયડા (સમસ્યા) આકૃતિઓ




(19) કોયડા (સમસ્યા) આકૃતિઓ




(20) કોયડા (સમસ્યા) આકૃતિઓ





Scanned by CamScanner


## વિભાગ-V

નિર્દેશ : પ્રશ્નનંબર 21 થી 25માં ત્રણ કોયડા આકૃતિ આપેલી છે અને ચોથી આકૃતિ માટે પ્રશ્નાર્થ ચિહ્ન (?) દર્શાવેલ છે. પહેલી બે કોયડા આકૃતિઓ એકબીજાથી સંબંધિત છે. તેવી જ રીતે ત્રીજી અને ચોથી આકૃતિઓમાં પણ સંબંધ છે. ઉત્તર બતાવતી આકૃતિઓ (1), (2), (3) અને (4) માંથી એક આકૃતિ પસંદ કરો કે, જે પ્રશ્નાર્થચિહ્નનું સ્થાન લે. તમે પસંદ કરેલો ઉત્તર આકૃતિનો ક્રમાંક આપેલ ઉત્તરપોથીમાં આપેલ બૉક્સમાં અંગ્રેજી અંકમાં લખો.


(21) કોયડા (સમસ્યા) આકૃતિઓ




(22) કોયડા (સમસ્યા) આકૃતિઓ




(23) કોયડા (સમસ્યા) આકૃતિઓ



(24) કોયડા (સમસ્યા) આકૃતિઓ




(25) કોયડા (સમસ્યા) આકૃતિઓ




## વિભાગ-VI

નિર્દેશ : પ્રશ્નનંબર 26 થી 30 સુધીના પ્રશ્નોમાં જિઑમૅટ્રિક આકૃતિ (વર્ગ, ત્રિભુજ)ના એક ભાગ રેખાની ડાબી તરફ સમસ્યા આકૃતિના રૂપમાં આપેલી છે અને રેખાની જમણી તરફ આપેલી ચાર ઉત્તર આકૃતિઓ (1), (2), (3) તથા (4) માંથી કોઈ એક એનો બીજો ભાગ છે. જમણી તરફ આપેલી ઉત્તર આકૃતિઓમાંથી એ આકૃતિ શોધો જે એ જિઑમૅટ્રિક આકૃતિને પૂરી બનાવે છે. સાચો ઉત્તર પસંદ કરી સંલગ્ન ઉત્તર-પત્રિકાના દરેક પ્રશ્નની આગળ આપેલા બૉક્સમાં અંગ્રેજી અંકમાં ઉત્તર લખો.

(26) કોયડા (સમસ્યા) આકૃતિ




(27) કોયડા (સમસ્યા) આકૃતિ




Scanned by CamScanner


(28) કોયડા (સમસ્યા) આકૃતિ




(29) કોયડા (સમસ્યા) આકૃતિ





(30) કોયડા (સમસ્યા) આકૃતિ





## વિભાગ-VII

નિર્દેશ : પ્રશ્નનંબર 31 થી 35 સુધીના પ્રશ્નોમાં ડાબી બાજુએ એક એક સમસ્યા આકૃતિ અને જમણી બાજુએ ચાર ઉત્તર આકૃતિઓ (1), (2), (3) તથા (4) આપેલી છે. આ ઉત્તર આકૃતિને પસંદ કરી, જે સમસ્યા આકૃતિની દર્પણ આકૃતિની બિલકુલ સદૃશ્ય હોય જ્યારે દર્પણને XY પર રાખેલું હોય. તમારા ઉત્તર શોધીને સંલગ્ન ઉત્તર-પત્રિકામાં દરેક પ્રશ્નની આગળ આપેલ બૉક્સમાં અંગ્રેજી અંકમાં લખો.


(31) કોયડા (સમસ્યા) આકૃતિ





(32) કોયડા (સમસ્યા) આકૃતિ





(33) કોયડા (સમસ્યા) આકૃતિ




(34) કોયડા (સમસ્યા) આકૃતિ





(35) કોયડા (સમસ્યા) આકૃતિ




## વિભાગ-VIII


➜ નિર્દેશ : પ્રશ્નનંબર 36 થી 40 સુધીના પ્રશ્નોમાં કાગળના એક ટુકડાને વાળવામાં આવે છે અને કેટલાક પ્રશ્નોમાં પંચ પણ કરવામાં આવે છે. જેમ કે, ડાબી બાજુએ સમસ્યા આકૃતિમાં બતાવવામાં આવ્યાં છે, તથા જમણી અને ડાબી તરફ ચાર ઉત્તર આકૃતિઓ (1), (2), (3) તથા (4) આપેલી છે. કાગળ ખોલ્યા પછી બનેલી આકૃતિને આપેલી ઉત્તર આકૃતિઓમાંથી શોધો તથા તમારા ઉત્તર સંખ્યા ઉત્તર-પત્રિકાના દરેક પ્રશ્નની આગળ આપેલા બૉક્સમાં અંગ્રેજી અંકમાં લખો.


(36) કોયડા (સમસ્યા) આકૃતિઓ








(37) કોયડા (સમસ્યા) આકૃતિઓ








(38) કોયડા (સમસ્યા) આકૃતિઓ








(39) કોયડા (સમસ્યા) આકૃતિઓ






(40) કોયડા (સમસ્યા) આકૃતિઓ







## વિભાગ-IX


➜ નિર્દેશ : પ્રશ્નનંબર 41 થી 45 સુધીના પ્રશ્નોમાં ડાબી બાજુએ એક સમસ્યા આકૃતિ અને જમણી બાજુએ ચાર ઉત્તર આકૃતિઓ (1), (2), (3) તથા (4) આપેલી છે. સમસ્યા આકૃતિમાં આપેલા કાપેલા ટુકડાથી બનેલ ઉત્તર આકૃતિને શોધો તથા એ ઉત્તર આકૃતિની સંખ્યાને સંલગ્ન ઉત્તર-પત્રિકાના પ્રશ્નની આગળ આપેલા બૉક્સમાં અંગ્રેજી અંકમાં લખો.


(41) કોયડા (સમસ્યા) આકૃતિ







(42) કોયડા (સમસ્યા) આકૃતિ








Scanned by CamScanner


(43) કોયડા (સમસ્યા) આકૃતિ







(44) કોયડા (સમસ્યા) આકૃતિ





(45) કોયડા (સમસ્યા) આકૃતિ







## વિભાગ-X


નિર્દેશ : પ્રશ્નનંબર 46 થી 50 સુધીના પ્રશ્નોમાં ડાબી બાજુએ એક સમસ્યા આકૃતિ અને જમણી બાજુએ ચાર ઉત્તર આકૃતિઓ (1), (2), (3) તથા (4) આપેલી છે. આ ઉત્તર આકૃતિને શોધો જેમાં સમસ્યા આકૃતિ છુપાયેલી છે તથા તમારા ઉત્તર, ઉત્તર આકૃતિની સંખ્યા દ્વારા સંલગ્ન ઉત્તર-પત્રિકાના પ્રશ્નની આગળ આપેલા બૉક્સમાં લખો.


(46) કોયડા (સમસ્યા) આકૃતિ







(47) કોયડા (સમસ્યા) આકૃતિ






(48) કોયડા (સમસ્યા) આકૃતિ







(49) કોયડા (સમસ્યા) આકૃતિ





(50) કોયડા (સમસ્યા) આકૃતિ





Scanned by CamScanner

## વિભાગ-2 : અંકગણિત (પ્રશ્ન 51 થી 75)

➡ નિર્દેશ : પ્રત્યેક સવાલ માટે ચાર સંભવિત જવાબ છે. જેને (1), (2), (3) અને (4) ના ક્રમમાં આપવામાં આવ્યા છે. જેમાંથી માત્ર એક જ જવાબ સાચો છે. યોગ્ય જવાબ પસંદ કરી તેની ક્રમ સંખ્યા ઉત્તરપુસ્તિકામાં પ્રશ્ન સંખ્યાના સામે આપેલા બૉક્સમાં અંગ્રેજી અંકમાં લખવા.

(51) 1 થી 50 ની વચ્ચે કેટલી અવિભાજ્ય સંખ્યાઓ છે ? ☐

(1) 14 (2) 15 (3) 24 (4) 25

(52) $x * y = (x+2)^2 \cdot (y-2)$ હોય તો 7 * 5ની કિંમત કેટલી થાય ? ☐

(1) 175 (2) 205 (3) 243 (4) 213

(53) નીચેના પૈકી 120 ના અવયવ કયા છે ? ☐

(1) $2 \times 2 \times 2 \times 3 \times 5$ (2) $2 \times 2 \times 3 \times 4$

(3) $2 \times 2 \times 4 \times 6$ (4) $2 \times 3 \times 5 \times 4$

(54) 25, 50 અને 75નો લ.સા.અ. કેટલો ? ☐

(1) 25 (2) 75 (3) 150 (4) 1

(55) $\frac{4}{5} - \frac{3}{4}$ ની કિંમત કેટલી થાય ? ☐

(1) $\frac{1}{20}$ (2) $\frac{1}{24}$ (3) $\frac{1}{26}$ (4) $\frac{1}{28}$

(56) $0.4 \times 0.04 \times 0.004$ ની કિંમત કેટલી છે ? ☐

(1) 0.00062 (2) 0.0064

(3) 0.000064 (4) 0.00061

(57) $7 - \{6 - (5 - 3)\}$ = ______ ☐

(1) 3 (2) 4 (3) 5 (4) 6

(58) $\frac{150}{\sqrt{225}} \times \frac{1}{10}$ નું સાદુરૂપ કયું ? ☐

(1) 1.5 (2) 10 (3) 0.1 (4) 1

(59) જો 10, 20, $x$ અને 40 સમગુણોત્તર સંખ્યાઓ હોય તો $x$ ની કિંમત કેટલી ? ☐

(1) 5 (2) 20 (3) 30 (4) 48

(60) $\frac{1}{5}$ ના ટકા કેટલા ? ☐

(1) 30 % (2) 20 % (3) 25 % (4) 35 %

(61) 4 મજૂર એક કામ 12 દિવસમાં પૂર્ણ કરે છે. તો આ જ કામ 8 મજૂર કેટલાં દિવસમાં પૂર્ણ કરશે. ☐

(1) 4 દિવસ (2) 5 દિવસ (3) 6 દિવસ (4) 7 દિવસ

(62) ધોરણ : 6ના 30 વિદ્યાર્થીઓની સરાસરી ઉંમર 15 વર્ષ છે. જો તેમાં શિક્ષકને સાથે લેવામાં આવે તો સરાસરી ઉંમર 1 વર્ષ વધી જાય છે. તો શિક્ષકની ઉંમર કેટલી ? ☐

(1) 40 વર્ષ (2) 45 વર્ષ (3) 46 વર્ષ (4) 48 વર્ષ

(63) 10 મહિના, 15 અઠવાડિયા અને 13 દિવસ મળી કુલ કેટલા દિવસ થશે ? ☐

(1) 416 દિવસ (2) 417 દિવસ

(3) 418 દિવસ (4) 419 દિવસ

(64) એક વિમાનને 3600 કિમી અંતર કાપતા 5 કલાક લાગે છે. તો તેની ઝડપ કેટલી ? ☐

(1) 700 કિમી/કલાક (2) 650 કિમી/કલાક

(3) 720 કિમી/કલાક (4) 820 કિમી/કલાક

(65) એક કામ ત્રણ મિત્રો A, B અને C સાથે મળીને 6 દિવસમાં પૂર્ણ કરે છે. 'A' એકલો આ કામ 12 દિવસમાં અને 'B' એકલો આ કામ 30 દિવસમાં પૂર્ણ કરે છે. તો 'C' એકલો આ કામ કેટલા દિવસમાં પૂર્ણ કરશે ? ☐

(1) 10 દિવસ (2) 12 દિવસ

(3) 15 દિવસ (4) 20 દિવસ

(66) એક વસ્તુ ₹ 720 માં વેચવાથી 10 % ખોટ જાય છે. તો વસ્તુની ખરીદ કિંમત કેટલી ? ☐

(1) ₹ 800 (2) ₹ 900 (3) ₹ 1000 (4) ₹ 1100

(67) 4 % ના દરે કેટલા સમય માટે ₹ 50નું સાદુ વ્યાજમુદલ ₹ 55 થાય ? ☐

(1) 2 વર્ષ (2) $2\frac{1}{2}$ વર્ષ (3) 3 વર્ષ (4) $3\frac{1}{2}$ વર્ષ

(68) 6 સેમી લંબાઈ, 4 સેમી પહોળાઈ અને 5 સેમી ઊંચાઈના લંબઘનમાંથી 1 સેમી લંબાઈના કેટલા સમઘન બનાવી શકાય ? ☐

(1) 100 (2) 120 (3) 360 (4) 30

(69) પહેલી જાન્યુઆરીએ ગુરૂવાર હોય, તો 4 ફેબ્રુઆરીના રોજ કયો દિવસ હશે ? ☐

(1) સોમવાર (2) મંગળવાર (3) બુધવાર (4) ગુરૂવાર

(70) 9554 ને 37 વડે ગુણવાથી એકમનો અંક કયો મળે ? ☐

(1) 1 (2) 3 (3) 8 (4) એકપણ નહીં

(71) ચાર અંકોની મોટામાં મોટી અને નાનામાં નાની સંખ્યાઓનો સરવાળો કેટલો ? ☐

(1) 8999 (2) 10999 (3) 11110 (4) 11111

(72) નીચેના પૈકી કઈ સંખ્યા 21 થી વિભાજ્ય છે ? ☐

(1) 21063 (2) 20163 (3) 21065 (4) 21061

(73) 1ની સ્થાન કિંમત 10,000 હોય તેવી સંખ્યા કઈ ? ☐

(1) 1, 52, 785 (2) 3, 51, 008

(3) 5, 12, 486 (4) 1, 00, 000

(74) જો Δ = 200 અને □ = 500 હોય તો Δ + □ = ......... ☐

(1) 300 (2) 700 (3) 500 (4) 1000

(75) નીચે પૈકી કઈ સંખ્યાને 2, 5 કે 10 વડે નિઃશેષ ભાગી શકાય નહિ. ☐

(1) 9275 (2) 2043 (3) 6920 (4) 2680

Scanned by CamScanner

## વિભાગ-3 : ભાષા (ગુજરાતી) (પ્રશ્ન 76 થી 100)

**નિર્દેશ : આ વિભાગમાં પાંચ ફકરા (ગદ્યખંડ) છે. દરેક ફકરાના 5 – 5 પ્રશ્નો છે. દરેક ફકરાને ધ્યાનપૂર્વક વાંચી આપેલા પ્રશ્નોના ઉત્તર આપો. દરેક પ્રશ્નના ચાર સંભવિત ઉત્તરો (1), (2), (3) અને (4) ના ક્રમમાં આપેલા છે. જેમાંથી માત્ર એક જ ઉત્તર સાચો છે. યોગ્ય ઉત્તરનું ચયન કરી, તેની ક્રમ-સંખ્યા ઉત્તર-પુસ્તિકામાં સંબંધિત પ્રશ્ન-સંખ્યા સામે આપેલા બૉક્સમાં લખવાની છે.**

### ફકરો : 1

ભારતની સભ્યતા સંસારની પ્રાચીન સભ્યતાઓમાંની એક છે. ભારત વિદ્યાનું (શિક્ષણનું) કેન્દ્ર હોવાથી અનેક દેશોના લોકો અહીં મહાન ગુરુઓ પાસે શિક્ષા પ્રાપ્ત કરવા માટે આવતા હતા. તે દિવસોમાં ભારત વ્યાપાર અને વાણિજ્યનું પણ કેન્દ્ર હતું ભારતીય વસ્તુઓ વિશ્વભરમાં પ્રખ્યાત હતી. પૂર્વ અને પશ્ચિમમાંથી વેપારીઓ જમીનમાર્ગે અને જળમાર્ગે ભારતીય માલ ખરીદવા આવતા. ભારત હવે ફરી વાણિજ્ય અને ઉદ્યોગનું કેન્દ્ર બની રહ્યું છે. અનેક દેશોમાં ભારતીય વસ્તુઓ મોકલવામાં આવે છે. ભારતીય ટેકનીશિયનો તથા વૈજ્ઞાનિકો ભારત બહારના અનેક દેશોમાં કાર્ય કરે છે.

**(76) લોકો ભારતમાં આવતા હતા.**

(1) વિદ્યા પ્રાપ્ત કરવા માટે (2) શિક્ષણ આપવા માટે
(3) આનંદ મેળવવા માટે (4) માલ વેચવા માટે

**(77) ભારત વિદ્યા (શિક્ષણ)નું કેન્દ્ર હતું કારણ કે ......**

(1) એક કેન્દ્ર હતું
(2) તેની સભ્યતા પ્રાચીન હતી
(3) અહીં મહાન ગુરુઓ હતા
(4) અહી ખૂબ જ કુશળ કારીગરો હતા

**(78) ભારત આનું પણ કેન્દ્ર હતું.**

(1) કલા અને સંસ્કૃતિનું (2) વેપાર અને ઉદ્યોગનું
(3) વિજ્ઞાન અને ઉદ્યોગોનું (4) સંગીત અને નૃત્યનું

**(79) વેપારી ભારતીય વસ્તુઓ ખરીદવા આવતા હતા કારણ કે...**

(1) તે વસ્તુઓ મોંઘી હતી. (2) તે વસ્તુઓ સસ્તી હતી.
(3) તે વસ્તુઓ ઉપયોગી હતી. (4) તે વસ્તુઓ પ્રખ્યાત હતી.

**(80) આ ફકરા માટે કયું શીર્ષક યોગ્ય ગણાશે ?**

(1) ભારત મહાન હતું.
(2) ભારત વિદ્યાનું કેન્દ્ર હતું.
(3) ભારતમાં વેપાર અને વાણિજય
(4) ભારતમાં આવનાર વિદેશી યાત્રિકો

### ફકરો : 2

દુનિયામાં વિવિધ પ્રકારની વનસ્પતિઓ ઝાડ-છોડ જોવા મળે છે. જેમાં કેટલાકને જોઈને આશ્ચર્ય થાય છે. કારણ કે તેમનો સ્વભાવ સામાન્ય છોડ-ઝાડ કરતાં અલગ હોય છે. તેમાંથી કેટલાંકની જાણકારી અહી આપવામાં આવી છે. સંયુક્ત રાષ્ટ્ર અમેરિકાના કેલિફોર્નિયામાં 'ડગલસ ફર' નામના વિશાળ વૃક્ષો મળી આવે છે. આ વૃક્ષોના થડ એટલા મોટા હોય છે કે જો તેમાં બખોલ બનાવવામાં આવે તો તે બખોલમાં લગભગ 15 બાળકો આસાનીથી બેસી શકે છે. રસ્તો (સડક) બનાવતી વખતે આવા વૃક્ષો વચ્ચે આવે તો તેમને ઉખાડી નાખવામાં આવતા નથી પરંતુ અંદર બખોલ કરી રસ્તો બનાવી લેવામાં આવે છે.

આફ્રિકાના ગીચ જંગલોમાં બાળકની જેમ કિલકારીઓ કરી હસતાં વૃક્ષો જોવા મળે છે. આ વૃક્ષોની ઉંચાઈ 15 થી 20 ફૂટ સુધીની હોય છે. આનાથી વિપરીત સંયુક્ત રાષ્ટ્ર અમેરિકામાં આખો દિવસ રડનારું વૃક્ષ પણ જોવા મળે છે. જેની શોધ એડીસન નામની વ્યક્તિએ કરી હતી. બ્રાઝિલ અને પેરુ દેશના ગીચ જંગલોમાં દૂધ આપતા વૃક્ષો જોવા મળે છે. વૃક્ષોના થડમાં છેદ પાડી દૂધ કાઢવામાં આવે છે. આ દૂધ ગાયના દૂધ જેવું સ્વાદિષ્ટ અને પૌષ્ટિક હોય છે. આ જ પ્રકારે ઈન્ડોનેશિયાના સુમાત્રા ટાપુ તથા દક્ષિણ અમેરિકાના ચીલી અને પેરુ દેશોમાં વર્ષા (વરસાદ) આપનાર વૃક્ષો જોવા મળે છે. બપોરના સમયે સૂર્ય તેના મધ્યાહને તપતો હોય ત્યારે આ વૃક્ષ હવા દ્વારા બાષ્પ ગ્રહણ કરે છે. થોડા સમય પછી બાષ્પ પાણી સ્વરૂપે વરસે છે. વરસાદ કરનાર આ વૃક્ષની ઊંચાઈ 50 ફૂટ હોય છે.

**(81) 'ડગલસ ફર' નામનું વૃક્ષ ક્યાં જોવા મળે છે ?**

(1) આફ્રિકા (2) સંયુક્ત રાષ્ટ્ર અમેરિકા
(3) બ્રાઝિલ (4) પેરુ

**(82) દૂધ આપવાવાળા વૃક્ષો ક્યાં જોવા મળે છે ?**

(1) સંયુક્ત રાષ્ટ્ર અમેરિકાના જંગલોમાં
(2) આફ્રિકાના જંગલોમાં
(3) સુમાત્રા ટાપુના જંગલોમાં
(4) બ્રાઝિલ અને પેરુના જંગલોમાં

**(83) 15 બાળકો કયા વૃક્ષના થડની બખોલમાં બેસી શકે છે ?**

(1) વરસાદ આપનાર (2) દૂધ આપનાર
(3) ડગલસ ફર (4) આપેલ તમામ

**(84) કયા વૃક્ષની ઊંચાઈ 15 થી 20 ફૂટની હોય છે ?**

(1) વરસાદ કરનાર (2) દૂધ આપનાર
(3) દિવસે રડનાર (4) બાળકોની માફક હસનાર

**(85) વરસાદ કરનાર વૃક્ષ ક્યાં જોવા મળે છે ?**

(1) કેલિફોર્નિયા (2) સુમાત્રા ટાપુ
(3) બ્રાઝિલ (4) આફ્રિકા

### ફકરો : 3

ગાંધીજીનો જન્મ ગુજરાતના પોરબંદર જિલ્લામાં થયો હતો. ગાંધીજીનું પુરુ નામ મોહનદાસ કરમચંદ ગાંધી હતું. તેમને સૌ પ્રથમ વાર ઈ.સ. 1922 માં જેલમાં મોકલવામાં આવ્યા હતા. તેમને યરવડા (યવરવાડા) જેલમાં રાખવામાં આવ્યાં હતા. અંગ્રેજ જેલર જાણતો હતો કે હિન્દુ અને મુસલમાન બંને ગાંધીજીને પ્રેમ કરે છે. તેને એવો ડર હતો કે જો ગાંધીજીની સેવા કરનાર અંગ્રેજી કે ભારતીય ભાષા બોલી શકે તેવો હોય તો તે અંગ્રેજ શાસન માટે સારું નથી. માટે તેણે તેમના સેવક તરીકે એક નીગ્રો કેદીની પસંદગી કરી. ગાંધીજી ઈશારા દ્વારા પોતાના ભાવ પ્રગટ કરતાં હતા. નીગ્રો ખરાબ બની જાય તેવો ભય ન હતો પરંતુ ગાંધીજી તરફથી નીગ્રોને એટલો પ્રેમ મળ્યો કે તે ગાંધીજીનો મિત્ર થઈ ગયો અને તે પ્રેમ અને ઉત્સાહથી ગાંધીજીની સેવા કરતો હતો આ જોઈ જેલર ખૂબ જ નિરાશા થઈ ગયો.



Scanned by CamScanner

(86) ગાંધીજીનો જન્મ કયા જિલ્લામાં થયો હતો ?

(1) ગુજરાતના પોરબંદર જિલ્લામાં

(2) ઉત્તર પ્રદેશના મેરઠ જિલ્લામાં

(3) મધ્યપ્રદેશના રાજકોટ જિલ્લામાં

(4) બિહારના પટના જિલ્લામાં

(87) મહાત્મા ગાંધીનું પુરુ નામ શું હતું ?

(1) કરમચંદ ગાંધી

(2) મોહનદાસ કરમચંદ ગાંધી

(3) મહાત્મા ગાંધી

(4) સોહનદાસ કરમચંદ ગાંધી

(88) યરવડા જેલના જેલરે ગાંધીજી માટે .....

(1) ભારતીય કેદીની પસંદગી કરી.

(2) અંગ્રેજ નોકરની પસંદગી કરી.

(3) નીગ્રો કેદીની પસંદગી કરી.

(4) પોર્ટુગીલી કેદીની પસંદગી કરી.

(89) ગાંધીજી પોતાના ભાવ પેલા કેદી સામે કેવી રીતે રજૂ કરતાં હતાં ?

(1) દીવાલ પર લખીને

(2) ઈશારાથી

(3) કાગળ પર લખીને

(4) પોતાની ભાષામાં બોલીને

(90) અંગ્રેજ જેલર શું જાણતો હતો ?

(1) ગાંધીજી ઉદાર હતા.

(2) ગાંધીજી બધાને પ્રેમ કરતા હતા.

(3) હિન્દુ અને મુસલમાન બંને ગાંધીજીને પ્રેમ કરતા હતા.

(4) એકપણ નહીં.

## ફકરો : 4

ઓઝોન એક વાયુ છે. આ વાયુ ઓક્સિજનનું જ એક સ્વરૂપ છે. આ વાયુનું એક મોટું સ્તર આપણા વાતાવરણમાં રહેલું છે. ઓઝોન વાયુનું આ સ્તર આપણા માટે ખૂબ જ મહત્ત્વનું છે. સૂર્યનો પ્રકાશ જ્યારે પૃથ્વી પર આવે છે. ત્યારે ઓઝોન વાયુનું સ્તર સૂર્ય પ્રકાશમાં રહેલા હાનિકારક પારજાંબલી કિરણોને શોષી લે છે. પરંતુ જો આ પારજાંબલી કિરણો ઓઝોન સ્તર શોષી લેતું ન હોત તો પારજાંબલી કિરણો પૃથ્વી પર આવે અને અનેક ગંભીર રોગો ઉત્પન્ન કરી શકે છે. જેમ કે ચામડીનું કેન્સર, અંધાપો વગેરે.

આજે આપણી લાપરવાહીથી ઓઝોન સ્તરમાં ગાબડા પડ્યાં છે. જે ધીરે ધીરે મોટાં થઈ રહ્યાં છે. આ ગાબડા પડવાનું કારણ ક્લોરો-ફ્લોરો કાર્બન (CFC) નામનું રસાયણ છે. આ રસાયણ એરંકડીશન, ફ્રિજ, દૂધ ઠંડુ કરનાર મોટી મોટી ડેરીઓમાં રાખેલા યંત્રોમાં હોય છે. આપણે ઓઝોન સ્તરને બચાવવા માટે આવા યંત્રોનો ઉપયોગ ન કરવો જોઈએ. જો આપણે ઓઝોન સ્તરની સુરક્ષા માટે જાગૃત નહિ થઈએ તો તે નષ્ટ થઈ જશે. તેના નષ્ટ થવાથી પૃથ્વી પરના જીવનની સમાપ્તિ થઈ જશે.

(91) વાતાવરણમાં મોટું સ્તર આવેલું છે...

(1) ઓક્સિજનનું (2) ઓઝોનનું

(3) હિલિયમનું (4) કાર્બન ડાયોક્સાઈડનું

(92) ઓઝોન સ્તર શોષણ કરે છે.

(1) પારજાંબલી કિરણો (2) ક્લોરો-ફ્લોરો કાર્બન કિરણો

(3) ઓઝોન કિરણો (4) ઘાતક કિરણો

(93) ઓઝોન સ્તરમાં ગાબડા પડ્યાં છે.

(1) કુદરતી રીતે (2) સૂર્યના પ્રકાશથી

(3) આપણી લાપરવાહીથી (4) ઘાતક કિરણોથી

(94) ઓઝોન સ્તર નાશ પામવાથી.......

(1) અનેક પ્રકારના રોગો થશે.

(2) વનસ્પતિ પર ખતરો છે.

(3) જીવન સમાપ્ત થવાનો ખતરો છે.

(4) ઉપરોક્ત તમામ

(95) ક્લોરો-ફ્લોરો કાર્બન (CFC)નામનું રસાયણ કયાં યંત્રોમાં હોય છે.

(1) ટી.વી.માં (2) સ્કૂટરમાં

(3) એરકંડિશનમાં (4) હવામાં

## ફકરો : 5

એક વ્યક્તિ તેના પડોશીના ખેતરમાં અનાજ ચોરી કરવા જતો હતો. એક દિવસ તે પોતાના આઠ વર્ષના બાળકને પણ પોતાની સાથે લઈ ગયો. પિતાએ પુત્રને કહ્યું 'આ કોથળો પકડ ત્યાં સુધી હું ચારેય બાજુ જોઈને આવું છું કે આપણને કોઈ જોતું તો નથીને ?'

થોડીવાર પછી તે પોતાના બાળક પાસેથી કોથળો લઈ બેઈમાનીનું કામ કરવાનું પ્રારંભ કરે છે. આ વખતે બાળકે તેના પિતાને કહ્યું કે તમે બધી જ બાજુ જોયું પણ એકબાજુ જોવાનું તો તમે ભૂલી ગયા. પિતાને બીકના માર્યા કોથળો નાખી દીધો અને કહ્યું કે ક્યાં અને કઈ બાજુ ? બાળકે કહ્યું કે તમે આકાશની તરફ જોવાનું અને એ વિચારવાનું ભૂલી ગયા કે સર્વશક્તિમાન ઈશ્વર તમને જોઈ રહ્યા છે. પિતા પર બાળકની આ વાતની એટલી અસર થઈ કે તે ત્યાર પછી ક્યારેય તેના મનમાં ચોરી કરવાનો વિચાર આવ્યો નહિ. માટે યાદ રાખો કે ઈશ્વરની આંખો આપણાને દરેક પળે જોઈ રહી છે.

(96) વ્યક્તિ તેના પડોશીના ખેતરમાં શા માટે જતો હતો ?

(1) ખેતી કરવા માટે (2) ઢોર ચરાવવા માટે

(3) ચોરી કરવા માટે (4) દાણા વાવવા માટે

(97) પિતાએ તેના પુત્રને શું પકડવાનું કહ્યું ?

(1) હળ (2) ધન (3) ગાય (4) કોથળો

(98) સર્વશક્તિમાન ઈશ્વર તમને ચોરી કરતાં જોઈ રહ્યાં છે તેવું કોણે કહ્યું ?

(1) બાળકે (2) માંએ (3) પડોશીને (4) પુજારીએ

(99) વ્યક્તિનાં પુત્રની ઉંમર કેટલી હતી ?

(1) 7 વર્ષ (2) 8 વર્ષ

(3) 9 વર્ષ (4) એકપણ નહીં

(100) કોની આંખો આપણને દરેક પળે જોઈ રહી છે ?

(1) મિત્ર (2) ભગવાન (3) પિતા (4) પુત્ર

Scanned by CamScanner